**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

તા.૧૮/૭/૨૦૧૫ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૪૫૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૮૫ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૮૮૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૫૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ- સમાચાર યાદી નં.૧૪૫૪/૧૫**

**વસ્ત્રાપુર** : ખુશ્બુબહેન ધર્મેન્દ્રભાઇ પંચાલ (ઉ.વ.૧૭) (રહે.શાર્દુલ એપાર્ટ્મેન્ટ, શ્યામ ચાર રસ્તા પાસે, સેટેલાઇટ) ને તા.૧૭/૭/૧૫ સવારનાં ૭/30 થી ૧૨/30 વાગ્યા દરમ્યાન વસ્ત્રાપુર, ડ્રાઇવીંગ સિનેમા સામે આવેલ જે.જી.કોલેજ ખાતેથી આરોપી વિનીત દેવડા (રહે, સોહમ બંગ્લોઝ, સાયન્સ સીટી, મોરલીધર પાર્ટી પ્લોટ લાઇન, સોલા) લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ ખુશ્બુબહેનના પિતા ધર્મેન્દ્રભાઇ પંચાલે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.રણા ચલાવે છે.

**ખોખરા** : વેલમુર્ગન કન્નન મુદલીયાર (ઉ.વ.૪૭) (રહે,કાશીબાનગર, હાટકેશ્વર, ખોખરા) એ તા.૧૭/૭/૧૫ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૭/૧૫ નાં કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી કોઇ અજાણી વ્યક્તિ પોતાના પુત્ર સુરજકુમાર (ઉ.વ.૧૪) ને અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.એમ.ચૌહાણ ચલાવે છે.

**ત્યજી દીધેલ ભ્રુણ મળી આવવા બાબતઃ સમાચાર યાદી નં.૧૪૫૫/૧૫**

**એલીસબ્રીજ** : તા.૧૭/૭/૧૫ ના કલાક ૧/૧૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે શેઠ વા.સા.હોસ્પીટલનાં લેડીઝ ટોયલેટમાં ગર્ભનું ભ્રુણ ત્યજી દિધેલ હાલતમાં, એલીસબ્રીજ પોલીસને મળી આવતાં, એલીસબ્રીજ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધ્યો છે. આ ગુનાની તપાસ પોસઇશ્રી આર.જે.ગોહીલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૫૬/૧૫</u>**

**નવરંગપુરા :** મહંમદવસીમ નસીરૂદ્દીન શેખ (રહે.આસ્ટોડીયા બગીચા પાસે, રૂકનપુરા, આસ્ટોડીયા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૭/૧૫ રાતનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે મીઠાખળી રોડ, હેલ્મેટ હાઉસની સામેથી પોતાની પત્ની આમીનાખાતુનને એક્ટીવા ઉપર પાછળ બેસાડી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનો) આમીનાખાતુનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ હે.કો.શ્રી હડમતસિંહ પ્રતાપસિંહ ચલાવે છે.

**નરોડા :** ઉર્મીલાબહેન નલીનભાઇ પટેલ (રહે.હરિપાર્ક, આદિશ્વરનગર બસ સ્ટેન્ડ પાસે, નરોડા) તા.૧૭/૭/૧૫ સવારનાં ૧૦/૪૫ વાગ્યાના સુમારે નરોડા, અરીહંત સોસાયટી, મીઠાના કારખાના નજીકથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ ઉર્મીલાબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૪૮,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ઉર્મીલાબહેન પટેલે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**<u>નદિમાં ડુબી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૫૭/૧૫</u>**

**રીવરફ્રન્ટ (ઇસ્ટ) :** નિલય અશ્વીનભાઈ ત્રિવેદી (ઉ.વ.૩૧) (રહે.નટરાજ રો-હાઉસ, અર્પણ સ્કુલ પાસે, ન્યુ રાણીપ) તા.૧૭/૭/૧૫ રાતના ૧૦/૩૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે રીવરફ્રન્ટ નારણઘાટ ગેટ નં ૬ પાસે, નદીમાં ન્હાવા પડતાં, ડુબી જતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઈ ગણપતભાઈ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૫૮/૧૫</u>**

**નારણપુરા :** રાકેશકુમાર કુબેરદાસ પંડયા (ઉ.વ.૩૫)(રહે. શાસ્ત્રીનગર હાઉસિંગ, નારણપુરા) એ તા.૧૨/૭/૧૫ રાત્રીનાં સમયે પોતાની કિડનીની બીમારીથી કંટાળી જઇ પોતાના ઘરે ફિનાઇલ પી જતાં શરીરે અસર થતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૭/૧૫ રાતનાં ૮/૦૦ વાગે રાકેશકુમારનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી એસ.પી.સોલંકી ચલાવે છે.

**રીવરફ્રન્ટ (ઇસ્ટ) :** સાલુબહેન ઉર્ફે સુવા D/o સુરેશજી વસ્તાજી ઠાકોર (ઉ.વ.૧૬) (રહે.ગાંધીવાસ, ઠાકોરવાસ, સાબરમતી) એ કોઇ અગમ્ય કારણોસર તા.૧૭/૭/૧૫ રાતના ૮/૫૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સુભાષબ્રીજ આર.ટી.ઓ. તરફના છેડા પાસે, પુલની નીચે રીવરફ્રન્ટ નજીકથી, નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.વી.બલદાણીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**દાણીલીમડા :** અમજદભાઇ કરૂભાઇ શેખ (ઉ.વ.૩૨)(રહે.રામરહીમનો ટેકરો, અયુબ કિરાણા સ્ટોર્સ, બહેરામપુરા) એ પોતાની માનશીક બિમારીથી કંટાળી જઇ તા.૧૫/૭/૧૫ રાતના ૧૧/૧૫ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે કેરોસીન છાંટી સળગી જતાં, શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરેલ હતાં. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૭/૧૫ નાં કલાક ૧૨/૩૦ વાગે અમજદભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિશ્વાસરાવ શ્યામરાવ ચલાવે છે.

**રીવરફ્રન્ટ (વેસ્ટ) :** હરેશભાઇ વેરશીભાઇ પરમાર (ઉ.વ.૨૩) (રહે.ચામુંડાનગરનાં નવા છાપરાં, ખોડીયારનગર, આંબેડકરબ્રીજ કોર્નર, બહેરામપુરા) એ કોઇ અગમ્ય કારણોસર તા.૧૭/૭/૧૫ ના કલાક ૬/૫૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી નદીનાં પશ્ચીમ તરફનાં છેડે, નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)